કરાચીમાં ભારે વરસાદ અને વાવાઝોડાએ 19 લોકોનો ભોગ લીધો

એક ટેલિફોન એક્સચેન્જની છત નીચે ચા પી રહેલા લોકો પર દિવાલ પડતાં 12 લોકોનાં મોત થયાં

કરાચી, તા. 19 (PTI): પાકિસ્તાનના કરાચીમાં ભારે વરસાદ અને વાવાઝોડાના કારણે વરસાદ સંબંધિત વિવિધ ઘટનાઓમાં ઓછામાં ઓછા 19 લોકોનાં મોત થયાં છે.

બુધવારે રાત્રે ભારે વરસાદ અને ફૂંકાયેલા તેજ પવનને કારણે છત અને દીવાલો ધરાશાયી થવાથી, વીજ કરંટ લાગવાથી તેમ જ વૃક્ષો અને સાઈનબોર્ડ પડવાને કારણે આ જાનહાનિ થઈ હતી. પાકિસ્તાન હવામાન વિભાગે ગુરુવાર માટે પણ વધુ વરસાદી હવામાન અને તેજ પવનની આગાહી કરી છે.

એસએસપી કોરંગી સંઘર મલિકે જણાવ્યું હતું કે, સઈદાબાદ વિસ્તારના મોચકો ગોઠમાં એક ટેલિફોન એક્સચેન્જની છત અને દીવાલ ધરાશાયી થતાં 12 લોકોનાં મોત થયાં હતાં. આ લોકો ત્યાં નીચે બેસીને ચા પી રહ્યા હતા ત્યારે આ દુર્ઘટના ઘટી હતી. મલિકે ઉમેર્યું હતું કે, ''ભારે પવન, ગાજવીજ અને વરસાદને કારણે આ દીવાલ પડી હતી.'' બચાવ ટુકડીઓ હજી પણ કાટમાળ હટાવી રહી છે અને તેની નીચે હજી પણ અન્ય મૃતદેહો અથવા જીવિત લોકો હોવાની શક્યતા છે.

વરસાદ સંબંધિત મોટા ભાગની ઘટનાઓ મહાનગરના નીચાણવાળા અને ઓછી આવક ધરાવતા વિસ્તારોમાં બની હતી. ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ (સાઉથ) અસદ રઝાએ ગુરુવારે સવારે મીડિયાને જણાવ્યું હતું કે, કોરંગીમાં અન્ય જાનહાનિ નોંધાઈ છે જ્યાં ઘરની છત પડવાથી એક દંપતીનું મોત થયું હતું, જ્યારે મલીરમાં બે વ્યક્તિઓ પર વીજળી પડી હતી.

અસદ રઝાએ વધુમાં જણાવ્યું હતું કે, લાંઢી વિસ્તારની મજીદ કોલોનીમાંથી પણ જાનહાનિના અહેવાલ છે, જ્યારે ક્લિફ્ટન વિસ્તારમાં એક ધરાશાયી થયેલા વૃક્ષની નીચેથી એક મહિલાનો મૃતદેહ મળી આવ્યો હતો. કરાચીના મેયર મુર્તઝા વહાબે એક જાહેર સંદેશમાં લોકોને ઘરે રહેવા અને ગુરુવારે બિનજરૂરી મુસાફરી ટાળવાની સલાહ આપી છે.

કેરળના 70% ધારાસભ્યો સામે ક્રિમિનલ કેસ

અડધાથી વધુ 'કરોડપતિ'

નવી દિલ્હી, તા. 19(PTI): એસોસિયેશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ(ADR)ના એક અહેવાલ મુજબ, કેરળમાં હાલના લગભગ 70 ટકા ધારાસભ્યોએ પોતાની વિરુદ્ધ ગુનાહિત કેસો જાહેર કર્યા છે, જ્યારે અડધાથી વધુ ધારાસભ્યો કરોડપતિ છે. ADR અને કેરળ ઈલેક્શન વોચ દ્વારા કરવામાં આવેલા વિશ્લેષણમાં 132 વર્તમાન ધારાસભ્યોના સોગંદનામાની તપાસ કરવામાં આવી હતી અને જાણવા મળ્યું હતું કે 92 ધારાસભ્યો સામે ગુનાહિત કેસો પેન્ડિંગ છે. આમાંથી 33 ધારાસભ્યો, એટલે કે 25 ટકાએ, હત્યા અને હત્યાના પ્રયાસ સહિતના ગંભીર ગુનાહિત કેસો જાહેર કર્યા છે.

અહેવાલમાં નોંધવામાં આવ્યું છે કે બે ધારાસભ્યોએ ભારતીય દંડ સંહિતાની કલમ 302 હેઠળ હત્યાના કેસો જાહેર કર્યા છે, જ્યારે ત્રણ ધારાસભ્યો કલમ 307 હેઠળ હત્યાના પ્રયાસના આરોપોનો સામનો કરી રહ્યા છે. આ ઉપરાંત, ત્રણ ધારાસભ્યોએ મહિલાઓ વિરુદ્ધના ગુનાઓ સંબંધિત કેસો જાહેર કર્યા છે, જેમાં એક બળાત્કારના કેસનો પણ સમાવેશ થાય છે. નાણાકીય પાસાની વાત કરીએ તો, 72 ધારાસભ્યોએ (55 ટકા) 1 કરોડ રૂપિયાથી વધુની સંપત્તિ જાહેર કરી છે. તમામ 132 ધારાસભ્યોની કુલ સંપત્તિ 363.78 કરોડ રૂપિયા છે, જેમાં ધારાસભ્ય દીઠ સરેરાશ સંપત્તિ 2.75 કરોડ રૂપિયા થાય છે.

સૌથી ધનિક ધારાસભ્યો

મેથ્યુ કુઝલનાડન (કોંગ્રેસ): રૂ.૩૪ કરોડથી વધુ

મણિ સી. કપ્પન (અપક્ષ): રૂ.૨૭ કરોડથી વધુ

કે.બી. ગણેશ કુમાર (કેરળ કોંગ્રેસ-B): રૂ.૧૯ કરોડથી વધુ

સૌથી ઓછી સંપત્તિ

પી.પી. સુમોદ (CPIM): આશરે રૂ.૯.૯ લાખ.

ઈરાન યુદ્ધ માટે પેન્ટાગનની $200 અબજની માગ

ઈરાનની કુલ GDP ના 50% થી પણ વધુ

અમેરિકાનો યુદ્ધ ખર્ચ યુક્રેન કરતા પણ વધ્યો; ઈરાને 'ઈઝરાયેલ ફર્સ્ટ ટેક્સ' કહીને મજાક ઉડાવી

અમેરિકી સંરક્ષણ વિભાગ (Pentagon)એ આ યુદ્ધના ખર્ચને પહોંચી વળવા વ્હાઈટ હાઉસ પાસે વધારાના $200 અબજ (આશરે 16.6 લાખ કરોડ)ની માંગ કરી છે.

આ રકમ ગયા વર્ષે ટેક્સ કટ બિલમાં મળેલી વધારાની રકમ ઉપરાંતની છે. નોંધનીય છે કે આ રકમ ઈરાનની કુલ જીડીપી (GDP) ના 50% કરતા પણ વધુ છે.

ગુરુવારે પત્રકાર પરિષદમાં સંરક્ષણ સચિવ પીટ હેગસેથે આ આંકડાની સીધી પુષ્ટિ કરી નહોતી, પરંતુ તેમણે સૂચક નિવેદન આપતા કહ્યું હતું કે, "બદમાશોને મારવા માટે પૈસાની જરૂર પડે છે." પેન્ટાગને વ્હાઈટ હાઉસને વિનંતી મોકલી છે કે તેઓ આ રકમની મંજૂરી માટે અમેરિકી કોંગ્રેસનો સંપર્ક કરે.

હેગસેથે ઉમેર્યું કે તેઓ યોગ્ય ભંડોળ સુનિશ્ચિત કરવા માટે કોંગ્રેસના સંપર્કમાં છે.

છત્તીસગઢમાં ધર્માંતરણ વિરોધી બિલ પસાર

સામૂહિક ધર્માંતરણ બદલ આજીવન કેદની જોગવાઈ

બળજબરી, પ્રલોભન, છેતરપિંડીથી કરવામાં આવતી વટાળ પ્રવૃતિને રોકવાના ઉદ્દેશનો રાજ્ય સરકારનો દાવો

કોંગ્રેસે આનો વિરોધ કરી ખરડો પ્રવર સમિતિને સોંપવાની માગણી કરી, વિપક્ષના બહિષ્કાર વચ્ચે ચર્ચા યોજી ખરડો પસાર કરી દેવાયો

રાયપુર, ૧૯ માર્ચ (PTI): છત્તીસગઢ સરકારે ગુરુવારે રાજ્ય વિધાનસભામાં બળજબરી, પ્રલોભન, છેતરપિંડી અથવા ખોટી રજૂઆત દ્વારા કરવામાં આવતા ધર્મ પરિવર્તનને રોકવાના ઉદ્દેશ્ય સાથે એક બિલ રજૂ કર્યું હતું. જો કે, વિરોધ પક્ષ કોંગ્રેસે આ અંગે વાંધો ઉઠાવ્યો હતો અને સમીક્ષા માટે આ બિલને 'સિલેક્ટ કમિટી'ને સોંપવાની માંગ કરી હતી. અધ્યક્ષે આ વાંધાને ફગાવી દેતા કોંગ્રેસે દિવસની કાર્યવાહીનો બહિષ્કાર કર્યો હતો. જો કે આ ખરડો વિપક્ષના બહિષ્કાર વચ્ચે પાંચ કલાકની ચર્ચા પછી ગૃહમાં પસાર કરી દેવાયો હતો.

રાજ્યના નાયબ મુખ્યમંત્રી વિજય શર્મા, જેઓ ગૃહ મંત્રાલયનો હવાલો પણ સંભાળે છે, તેમણે ગૃહમાં 'છત્તીસગઢ ધર્મ સ્વાતંત્ર્ય વિધેયક, ૨૦૨૬' રજૂ કર્યું હતું. સામૂહિક ધર્માંતરણ બદલ તેમાં આજીવન કેદ સુધીની સજાની જોગવાઈ છે. તેમાં એવા કિસ્સાઓમાં 20 વર્ષ સુધીની જેલની સજાની જોગવાઈ પણ છે જેમાં સગીરો, મહિલાઓ, માનસિક રીતે અક્ષમ વ્યક્તિઓ અથવા અનુસૂચિત જાતિ (SC), અનુસૂચિત જનજાતિ (ST) અથવા અન્ય પછાત વર્ગો (OBC) ના સભ્યો ભોગ બન્યા હોય. તમામ ગુનાઓ દાખલપાત્ર અને બિન-જામીનપાત્ર રહેશે. જો કે, આ ખરડામાં જણાવાયું છે કે વ્યક્તિના પૂર્વજોના ધર્મમાં પુનઃપરિવર્તનને કાયદા હેઠળ ધર્માંતરણ ગણવામાં આવશે નહીં. આ ખરડો 'છત્તીસગઢ ધર્મ સ્વાતંત્ર્ય અધિનિયમ (ફ્રીડમ ઓફ રિલીજન એક્ટ) 1968' ના સ્થાને લાવવામાં આવ્યો છે. આ જૂનો કાયદો મધ્ય પ્રદેશમાંથી સ્વીકારવામાં આવ્યો હતો જ્યારે 2000માં છત્તીસગઢ રાજ્ય અલગ થયું હતું, જેમાં માત્ર એવી જોગવાઈ હતી કે ધાર્મિક પરિવર્તન પછી જિલ્લા મેજિસ્ટ્રેટને જાણ કરવાની રહેશે.

અગાઉ, જ્યારે શર્માએ બિલ રજૂ કરવા માટે અધ્યક્ષની પરવાનગી માંગી, ત્યારે વિરોધ પક્ષના નેતા ચરણદાસ મહંતે તેનો વિરોધ કર્યો હતો. મહંતે જણાવ્યું હતું કે ૧૧ રાજ્યોના સમાન કાયદાઓ હાલમાં સુપ્રીમ કોર્ટમાં વિચારાધીન છે, તેથી તેને ગૃહમાં ઉતાવળમાં લેવો જોઈએ નહીં.તેમણે સૂચન કર્યું હતું કે આ બિલને વ્યાપક પરામર્શ માટે પ્રવર સમિતિમાં મોકલવું જોઈએ, જેમાં સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયાધીશો તેમજ બંને પક્ષો (ભાજપ અને કોંગ્રેસ)ના ધારાસભ્યોના સૂચનો લેવામાં આવે. મહંતે બંધારણીય મૂલ્યો અને સહિષ્ણુતાના સિદ્ધાંતોને ટાંકીને સામાજિક વિભાજન ઊંડું કરી શકે તેવા કોઈ પણ પગલા સામે ચેતવણી આપી હતી. વિરોધ પક્ષના નેતાએ ડૉ. બી.આર. આંબેડકર, પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયી અને ભગવાન બુદ્ધના વિચારોનો ઉલ્લેખ કર્યો હતો, જેમણે સામાજિક ન્યાય અને સમાનતા પર ભાર મૂક્યો હતો. વાંધાઓનો જવાબ આપતા ભાજપના સભ્ય અજય ચંદ્રાકરે કહ્યું કે વિરોધ પક્ષ મૂંઝવણમાં હોય તેવું લાગે છે અને પૂછ્યું કે બિલને સિલેક્ટ કમિટીમાં મોકલવાની જરૂર કેમ પડી? તેમણે દલીલ કરી હતી કે કોંગ્રેસ શાસન દરમિયાન મધ્યપ્રદેશમાં પણ આવો જ કાયદો ઘડવામાં આવ્યો હતો, તો પછી મહંત આ બિલને વિભાજનકારી કેવી રીતે કહી શકે.

પેજ 3

ઓસ્કાર પાર્ટીમાં કિમ કાર્દશિયનનું બેલેન્સ બગડ્યું, 8 ઈંચની હીલ્સમાં પડતાં-પડતાં બચી

લોસ એન્જલસ, તા. 19: વોર્ડરોબ માલફંક્શનની વાતો તો તમે ઘણી સાંભળી હશે, પરંતુ આ વખતે કિમ કાર્દશિયન સાથે કંઈક એવું થયું જેના પર વિશ્વાસ કરવો થોડો મુશ્કેલ છે. રિયાલિટી સ્ટારે તાજેતરમાં વેનિટી ફેર ઓસ્કાર 2026ની આફ્ટર-પાર્ટીમાં સૌનું ધ્યાન ખેંચ્યું હતું, જે માત્ર તેના શાનદાર લુકને કારણે જ નહીં, પરંતુ પડતાં-પડતાં માંડ બચી જવાની ઘટનાને કારણે પણ હતું. કિમ જ્યારે સિતારાઓથી ભરેલી પાર્ટીમાં પહોંચી ત્યારે સૌની નજર તેની આઠ ઈંચ ઊંચી પ્લેટફોર્મ હીલ્સ પર ટકી ગઈ હતી. અભિનેત્રીએ ગોલ્ડન કલરનો ડ્રેસ પહેર્યો હતો જેમાં તે ખૂબ જ સુંદર લાગી રહી હતી. જોકે આ દરમિયાન ચાલતી વખતે તેનું બેલેન્સ અચાનક બગડ્યું અને એક પગ ઝાડીમાં જતો રહ્યો. આ પછી ઘણા લોકોએ અભિનેત્રીને મદદ કરી અને તેણે ખુદને પણ સંભાળી લીધી હતી.

'ડોરેમોન'ના ડિરેક્ટર ત્સુતોમુનું નિધન

નવી દિલ્હી, તા. 19: 'ડોરેમોન'ના ડિરેક્ટર શિબાયામા ત્સુતોમુનું નિધન થયું છે. તેમણે લગભગ 20 વર્ષ સુધી આ શોનું સંચાલન કર્યું છે અને આ દરમિયાન 'ડોરેમોન' ફ્રેન્ચાઇઝી સાથે જોડાયેલી ઘણી શાનદાર ફિલ્મો આપી છે. ત્સુતોમુનું નિધન 6 માર્ચ 2026ના રોજ ફેફસાંના કેન્સરને કારણે થયું હતું, જેની જાણકારી તેમના દ્વારા સહ-સ્થાપિત સ્ટુડિયો અજિયા-ડો એનિમેશન વર્ક્સ દ્વારા 17 માર્ચે આપવામાં આવી હતી. પરિવારની ઇચ્છા મુજબ તેમના અંતિમ સંસ્કાર પહેલાથી જ ખાનગી રીતે કરવામાં આવ્યા છે. શિબાયામા ત્સુતોમુને જાપાનમાં 'નેશનલ એનિમેશનના પિતા' કહેવામાં આવતા હતા. ત્સુતોમુને 'ડોરેમોન'ને લગભગ 20 વર્ષ સુધી સંભાળ્યું અને તેને દરેક પેઢીના હૃદય સુધી પહોંચાડ્યું. 1979માં તેમણે ડોરેમોનની ટીવી સીરીઝ ડિરેક્ટ કરી હતી અને ત્યાર બાદ આ ફ્રેન્ચાઇઝીની 22 ફિલ્મોનું દિગ્દર્શન પણ કર્યું હતું.

'ધુરંધર'માં મોદીની એન્ટ્રી: થિયેટરોમાં ગુંજી ઉઠ્યો તાળીઓનો ગડગડાટ

નવી દિલ્હી, તા. 19: 'ધુરંધર: ધ રિવન્જ' ફિલ્મમાં થોડીક અણધારી ઓન-સ્ક્રીન ક્ષણો જોઈને પ્રેક્ષકો સુખદ આશ્ચર્ય અનુભવી રહ્યા છે. આ દૃશ્યો વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે સંબંધિત છે, જેઓ આદિત્ય ધરની આ ફિલ્મમાં બે દૃશ્યોમાં જોવા મળે છે. ફિલ્મની વાર્તામાં વડા પ્રધાનનો સમાવેશ એ ફિલ્મની સૌથી ચર્ચિત બાબતોમાંની એક બની ગઈ છે. આ સિક્વલમાં આધુનિક ભારતીય ઇતિહાસની બે ક્ષણોના પીએમ મોદીનાં ભાષણોના અંશો ટેલિવિઝન ફોર્મેટમાં બતાવવામાં આવ્યા છે. જેમાં પ્રથમ ૨૦૧૪માં વડા પ્રધાન તરીકેના તેમના શપથ ગ્રહણ સમારોહની છે અને બીજી ૨૦૧૬ના તેમના નોટબંધીના સંબોધનની છે. ચારેબાજુથી મળી રહેલા અહેવાલો સૂચવે છે કે, જ્યારે પણ પીએમ મોદી સ્ક્રીન પર દેખાય છે ત્યારે થિયેટરોમાં પ્રતિક્રિયાઓ અત્યંત જોરદાર હોય છે. સોશિયલ મીડિયા પર પણ ક્લિપ્સ સામે આવી છે.

ઈરાનમાં વિરોધ કરનારા 3 યુવાનોને ફાંસી

ઈરાન વિરોધ પ્રદર્શનમાં અટકાયત કરાયેલા લોકોને સામૂહિક ફાંસી આપી શકે છે: માનવ અધિકાર કાર્યકરો

દુબઈ, તા. 19 (AP): ઈરાનના ન્યાયતંત્રએ ગુરુવારે જાન્યુઆરીના દેશવ્યાપી વિરોધ પ્રદર્શનો દરમિયાન અટકાયત કરાયેલા ત્રણ પુરુષોને ફાંસી આપવાની જાહેરાત કરી હતી, આ પ્રકારની સજા પ્રથમ વાર આપવામાં આવી છે. ઈરાનની મિઝાન ન્યૂઝ એજન્સીએ ફાંસી અંગે અહેવાલ આપ્યો હતો. ઈરાન સામાન્ય રીતે ફાંસી આપીને મૃત્યુદંડની સજા આપે છે. મિઝાને જેમને ફાંસી આપવામાં આવી છે તેમની ઓળખ મેહદી કાસિમી, સાલેહ મોહમ્મદી અને સઈદ દાવુદી તરીકે આપી હતી. એજન્સીએ આરોપ લગાવ્યો હતો કે, આ ત્રણેય વ્યક્તિઓએ વિરોધ પ્રદર્શન દરમિયાન રાજધાની તેહરાનથી દક્ષિણે આશરે 130 કિલોમીટર દૂર આવેલા કોમ શહેરમાં બે પોલીસ અધિકારીઓની છરી મારીને હત્યા કરી હતી. ઈરાનનું ન્યાયતંત્ર વિરોધ પ્રદર્શનમાં ધરપકડ કરાયેલા લોકોને ફાંસી આપવાની ધમકી આપી રહ્યું હતું. માનવ અધિકાર કાર્યકરોએ ચેતવણી આપી છે કે, ઈરાન વિરોધ પ્રદર્શનમાં અટકાયત કરાયેલા લોકોને સામૂહિક ફાંસી આપી શકે છે.

સરકારનો ઓઈલ-ગેસ કંપનીઓ માટે કડક આદેશ

ઊર્જા ડેટા હવે 'નેશનલ સિક્યુરિટી'

ખાનગી અને સરકારી કંપનીઓએ દૈનિક રિપોર્ટ આપવો પડશે

'આવશ્યક ચીજવસ્તુ ધારા' હેઠળ લેવાયો નિર્ણય

સંવેદનશીલતા કે માલિકી હક જેવા કારણો હેઠળ માહિતી આપવાનો ઇન્કાર કરી શકાશે નહીં

નવી દિલ્હી, તા. 19(PTI): સરકારે ઊર્જા સંબંધિત ડેટાને રાષ્ટ્રીય સુરક્ષાનો વિષય ગણાવીને વર્ગીકૃત કર્યો છે, જે અંતર્ગત ઓઈલ અને ગેસ વેલ્યુ ચેઈન સાથે સંકળાયેલી તમામ સંસ્થાઓ માટે તેમની કામગીરીની વિગતવાર માહિતી આપવી ફરજિયાત બનાવવામાં આવી છે.

ઓઈલ મંત્રાલયના 'પેટ્રોલિયમ અને નેચરલ ગેસ (માહિતી પૂરી પાડવા અંગેનો) આદેશ, 2026' મુજબ રિફાઈનર્સ, LNG આયાતકારો, પાઈપલાઈન ઓપરેટરો, સિટી ગેસ ડિસ્ટ્રિબ્યુટર્સ અને પેટ્રોકેમિકલ કંપનીઓએ – જાહેર અને ખાનગી બંને ક્ષેત્રોમાં – મંત્રાલયના પેટ્રોલિયમ પ્લાનિંગ એન્ડ એનાલિસિસ સેલ (PPAC)ને નિયમિતપણે (કેટલાક કિસ્સાઓમાં દૈનિક ધોરણે પણ) સચોટ આંકડાકીય અહેવાલ આપવો પડશે. મંત્રાલય દ્વારા 18 માર્ચના રોજ જારી કરાયેલા ગેઝેટ નોટિફિકેશન મુજબ, જાહેર કરવામાં આવનારી વિગતોમાં ઉત્પાદન, આયાત, સ્ટોક લેવલ અને વપરાશની પેટર્નનો સમાવેશ થાય છે, અને આ આદેશ હાલની તમામ ગોપનીયતાની જોગવાઈઓની ઉપરવટ રહેશે.

આ પગલું મધ્ય પૂર્વમાં યુદ્ધને કારણે ગેસ અને LPG પુરવઠામાં આવેલા અવરોધો બાદ ઊભી થયેલી ઊર્જા સુરક્ષાની ચિંતાઓને પગલે લેવામાં આવ્યું છે.મંત્રાલયના આ આદેશનો હેતુ એક કેન્દ્રીયકૃત, રિયલ-ટાઈમ ડેટા ફ્રેમવર્ક તૈયાર કરવાનો છે, જેથી સપ્લાયમાં આવતા અવરોધો સામે ઝડપી પ્રતિસાદ આપી શકાય, પાવર, ફર્ટિલાઈઝર અને ઘરેલું LPG જેવા મહત્વના ક્ષેત્રોને પ્રાથમિકતા આપી શકાય અને ખરીદી અંગે વધુ સચોટ નિર્ણયો લઈ શકાય.

મંત્રાલયે આ આદેશ 'આવશ્યક ચીજવસ્તુ ધારા, 1955' હેઠળની સત્તાઓનો ઉપયોગ કરીને જારી કર્યો છે, જે કેન્દ્ર સરકારને કોઈપણ વ્યક્તિ જે આવશ્યક ચીજવસ્તુઓનો સ્ટોક ધરાવે છે, ઉત્પાદન, આયાત, નિકાસ કે વેપાર કરે છે, તેમની પાસેથી ઉત્પાદન, પુરવઠો, વિતરણ, સ્ટોક અથવા વપરાશ સંબંધિત માહિતી માંગવાની સત્તા આપે છે. આ આદેશમાં વધુમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે માહિતી આપવાની જવાબદારી કોઈપણ કોન્ટ્રાક્ટ, કરાર અથવા ગુપ્તતાની જવાબદારી છતાં લાગુ થશે, અને કોઈ પણ સંસ્થા વ્યવસાયિક સંવેદનશીલતા કે માલિકીના હકને આધારે માહિતી આપવાનો ઈનકાર કરી શકશે નહીં.

નિકાસકારો માટે 497 કરોડનું પેકેજ

સરકારે લોન્ચ કરી 'RELIEF' યોજના

ગલ્ફ દેશો સાથે વેપાર કરતા MSMEને મોટી રાહત

નવી દિલ્હી, તા. 19(PTI): પશ્ચિમ એશિયાના ચાલુ સંઘર્ષને કારણે ઉભી થયેલી અડચણોનો સામનો કરી રહેલા ભારતના નિકાસકારોને મદદ કરવા માટે સરકારે ગુરુવારે 497 કરોડના આઉટલે સાથે 'RELIEF' (રેઝિલિયન્સ એન્ડ લોજિસ્ટિક્સ ઈન્ટરવેન્શન ફોર એક્સપોર્ટ ફેસિલિટેશન) યોજના રજૂ કરી છે.

પત્રકાર પરિષદને સંબોધતા વાણિજ્ય મંત્રાલયના સચિવ રાજેશ અગ્રવાલે જણાવ્યું હતું કે, અમે નિકાસ પ્રોત્સાહન મિશન હેઠળ એક નવી યોજનાની જાહેરાત કરી રહ્યા છીએ, જે ખાસ કરીને સંઘર્ષથી પ્રભાવિત 17-18 ભૌગોલિક વિસ્તારોમાં કાર્યરત નિકાસકારો પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જેથી તેમના પડકારોને હળવા કરી શકાય.

તેમણે વધુમાં માહિતી આપી હતી કે આ માટે એક આંતર-મંત્રાલય જૂથ (IMG) ની રચના કરવામાં આવી છે, જેમાં વાણિજ્ય મંત્રાલય, પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય, બંદરો અને શિપિંગ, નાણાકીય સેવાઓ વિભાગ, વિદેશ મંત્રાલય, RBI અને CBIC જેવા વિવિધ વિભાગોનો સમાવેશ થાય છે. આ જૂથ માલસામાનની અવરજવરના આધારે પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવા દરરોજ બેઠક કરે છે. વાણિજ્ય સચિવ રાજેષ અગરવાલે જણાવ્યું હતું કે ખાસ કરીને ગલ્ફ દેશો સાથે વેપાર ધરાવતા નિકાસકારોમાં ચિંતાની લાગણી પ્રવર્તતી હતી તે ધ્યાનમાં રાખીને આ યોજના શરૂ કરવામાં આવી છે.

RELIEF યોજના હેઠળના પેકેજમાં, જેની અમલીકરણ એજન્સી ECGC (એક્સપોર્ટ ક્રેડિટ ગેરંટી કોર્પોરેશન ઓફ ઈન્ડિયા) છે, તેમાં નિકાસ જવાબદારીઓનું સ્વચાલિત વિસ્તરણ, લોજિસ્ટિક સપોર્ટ અને શિપિંગમાં થતા વિલંબને પહોંચી વળવા માટેના નાણાકીય પગલાંનો સમાવેશ થાય છે. આ યોજના મુખ્યત્વે યુએઈ, સાઉદી અરેબિયા, કુવૈત, કતાર, ઓમાન, બહેરીન, ઈરાક, ઈરાન, ઈઝરાયેલ અને યમન મોકલવામાં આવતા અથવા ત્યાંથી પસાર થતા માલસામાનને આવરી લે છે.

'RELIEF' યોજનાના 3 મુખ્ય ઘટકો

સરકારે નિકાસકારોના પડકારો દૂર કરવા માટે આ યોજનાને ત્રણ ભાગમાં વહેંચી છે:

ઘટક	વિગત	સમયગાળો / લાભ
નિકાસ જવાબદારી	એડવાન્સ ઓથોરાઈઝેશન' માં પેનલ્ટી વગર મુદત વધારો'	ઓગસ્ટ, 2026 સુધી લંબાવવામાં આવી 31
ECGC કવરેજ	નિકાસ કન્સાઇનમેન્ટ માટે વીમા કવચને પ્રોત્સાહન	માર્ચ થી 15 જૂન સુધી 16
MSME સપોર્ટ	વધારાના નૂર (Freight) અને વીમા ખર્ચની આંશિક ભરપાઈ	ફેબ્રુઆરી થી 15 માર્ચ વચ્ચેના ખર્ચ માટે 14

HDFC બેંકમાં ભૂકંપ: ચેરમેનનું નૈતિકતાના મુદ્દે અચાનક રાજીનામું

એચડીએફસી બેંકે ખુલાસો કરતા કહ્યું કે ચક્રવર્તીએ નૈતિક ચિંતાઓ અંગે કોઇ ફોડ પાડ્યો નથી અને બેંક મૂંઝવણમાં છે

બેંકના ઈતિહાસમાં પ્રથમવાર અધવચ્ચે પદત્યાગ; કેકી મિસ્ત્રી વચગાળાના ચેરમેન બન્યા, શેર 5% તૂટ્યો

મુંબઈ, તા. 19: એચડીએફસી બેંકના નોન-એક્ઝિક્યુટિવ ચેરમેન અતનુ ચક્રવર્તીએ નૈતિક ચિંતાઓને ટાંકીને અચાનક રાજીનામું આપી દીધું છે. આ બેંકના ઈતિહાસમાં પહેલીવાર એવું બન્યું છે જ્યારે કોઇ પાર્ટ ટાઇમ ચેરમેન પોતાનો કાર્યકાળ પૂરો થાય તે પહેલા જ રાજીનામું આપી રહ્યા છે. આ અણધાર્યા પગલાથી બેંકની આંતરિક કામગીરી પર સવાલો ઉભા થયા છે, પરંતુ નાણાં મંત્રાલય અને આરબીઆઈએ રોકાણકારો અને બજારને બેંકની મજબૂતીની ખાતરી આપવા માટે ઝડપી હસ્તક્ષેપ કર્યો છે.

અતનુ ચક્રવર્તીએ ગઈકાલે તેમના પદ પરથી રાજીનામું આપ્યું છે, જ્યારે 2024માં તેમનો કાર્યકાળ 4થી મે, 2027 સુધી લંબાવવામાં આવ્યો હતો. ચક્રવર્તીએ 17 માર્ચે ગવર્નન્સ, નોમિનેશન અને મહેનતાણું સમિતિના અધ્યક્ષ એચ કે ભાનવાલાને રાજીનામું આપતા પત્રમાં ગંભીર ટિપ્પણી કરી હતી. તેમણે પોતાના પત્રમાં લખ્યું છે કે, છેલ્લા બે વર્ષમાં મેં બેંકની અંદર કેટલીક ઘટનાઓ જોઈ છે જે મારા વ્યક્તિગત મૂલ્યો અને નૈતિકતા સાથે સુસંગત નથી અને આ મારા નિર્ણયનો આધાર છે. તેમણે એ પણ સ્પષ્ટ કર્યું હતું કે તેમના રાજીનામા માટે અન્ય કોઈ ભૌતિક કારણ નથી. જો કે એચડીએફસી બેન્કે જણાવ્યું હતું કે કઇ બાબતોને અતનુ ચક્રવર્તી નૈતિક ચિંતાઓ ગણાવે છે તે તેમને વારંવાર પૂછવામાં આવ્યું હોવા છતા તેમણે તે અંગે કંઇ જણાવ્યું નથી.

આ સંદર્ભમાં નાણાં મંત્રાલય અને આરબીઆઈએ સ્પષ્ટતા કરી હતી કે, એચડીએફસી બેંક મજબૂત ફંડામેન્ટલ્સ ધરાવતી એક મજબૂત સંસ્થા છે અને કોઇ સમસ્યા નથી. આ દરમ્યાન આરબીઆઈએ કેકી મિસ્ત્રીને 19 માર્ચ, 2026થી ત્રણ મહિનાના સમયગાળા માટે વચગાળાના પાર્ટટાઇમ ચેરમેન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. HDFC બેંક ગ્રુપના દિગ્ગજ કેકી મિસ્ત્રીને આ રાજીનામા બાદ વચગાળાના ચેરમેન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા બાદ તેમણે જણાવ્યું હતું કે ચક્રવર્તી અને એક્ઝિક્યુટિવ નેતૃત્વ વચ્ચે "સંબંધોના પ્રશ્નો" હોઈ શકે છે, પરંતુ આ વિદાય પાછળ તેમને કોઈ "ગંભીર" ચિંતાના વિષયો જણાયા નથી. મિસ્ત્રીએ ભાર પૂર્વક જણાવ્યું હતું કે બેંકની કામગીરી અને શાસન સ્થિર છે. HDFC બેંકના ઈતિહાસમાં આ પ્રથમ વખત છે જ્યારે કોઈ પાર્ટ-ટાઇમ ચેરમેને અધવચ્ચેથી પદ છોડ્યું હોય, જેના કારણે તેની કામગીરી પર ચિંતા ઊભી થઈ છે. આ રાજીનામા પછી એચડીએફસી બેંકનો શેર પાંચ ટકા તૂટી ગયો હતો.

એર ઈન્ડિયા: આયર્લેન્ડમાં ફસાયેલા 220 મુસાફરો દિલ્હી પહોંચ્યા

ન્યૂયોર્કથી દિલ્હી જઈ રહેલા એ350 એરક્રાફ્ટમાં ટેક્નિકલ ખામીને કારણે શેનન ડાયવર્ટ કરાયું હતું

નવી દિલ્હી, તા. 19 (PTI): આયરિશ શહેર શેનનમાં ફસાયેલા મુસાફરો અને ક્રૂ મેમ્બરોને લઈને એર ઈન્ડિયાની સ્પેશિયલ ફ્લાઈટ ગુરુવારે વહેલી સવારે દિલ્હી આવી પહોંચી હતી. એક અધિકારીના જણાવ્યા અનુસાર, ફ્લાઈટમાં 220થી વધુ મુસાફરો હતા અને તેમાંથી દરેકને સદ્ભાવનાના પ્રતીક રૂપે રૂ. 20,000 આપવામાં આવ્યા હતા. સોમવારે, ન્યૂયોર્કથી દિલ્હી જઈ રહેલું એરલાઈનનું એ350 એરક્રાફ્ટ ટેક્નિકલ ખામીને કારણે શેનન તરફ વાળવામાં આવ્યું હતું. વિમાનને ત્યાં જ રોકી દેવામાં આવ્યું હતું, અને મુસાફરો તેમજ ક્રૂ મેમ્બરો આ આયરિશ શહેરમાં ફસાઈ ગયા હતા. બોઈંગ 787 એરક્રાફ્ટ દ્વારા સંચાલિત આ સ્પેશિયલ ફ્લાઈટ ઝ્યુરિચથી શેનન પહોંચી હતી અને ત્યાર બાદ બુધવારે બપોરે દિલ્હી માટે રવાના થઈ હતી. સ્પેશિયલ ફ્લાઈટ ગુરુવારે વહેલી સવારે રાષ્ટ્રીય રાજધાની આવી પહોંચી હતી. એર ઈન્ડિયાએ સોમવારે જણાવ્યું હતું કે, ન્યૂયોર્ક (જેએફકે)થી દિલ્હી જતી ફ્લાઈટ એઆઈ102ને શંકાસ્પદ ટેક્નિકલ સમસ્યાને કારણે સાવચેતીના પગલે શેનન, આયર્લેન્ડ તરફ વાળવામાં આવી હતી.